# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૪/ક્વા-૨/૨૧-૨૨/૪૪૨૦-૪ તા.૨૭-૦૭-૨૦૨૧

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No.PG- ૪/ક્વા-૨/૨૧-૨૨**

અરજદાર : લીલાવંતી મુળજી ગામ: રાજકોટ

પેટા વિભાગીય કચેરી : પ્રહલાદ પ્લોટ

રજૂઆત કરનાર : અરજદાર લીલાવંતી મુળજી C/o, હોટલ વ્હાઈટ–વે ના પ્રતિનિધિ તરીકે પારેખ દિવ્યેશ કિરીટભાઈ અને તેમની સાથે પારેખ તુષાર કિરીટભાઈ હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૧

રજૂઆત કરનાર : ઇન્ચાર્જ હિશાબનીસ અધ્યક્ષ કે.પી.સોલંકી પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૧ અને તેમની સાથે નાયબ ઈજનેર શ્રી આર.પી.લીંબાસીયા પી.જી.વી.સી.એલ. પેટાવિભાગીય કચેરી - પ્રહલાદ પ્લોટ, રાજકોટ.

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ

૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૨૦-૦૭-૨૦૨૧ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૦-૦૭-૨૦૨૧ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, તેઓ દ્વારા તા.૧૧-૦૩-૨૦૧૭ થી તેઓના એન.આર.જી.પી. ગ્રાહક નં.૩૧૧૦૯/૦૦૨૫૮/૦ અને ૩૧૧૦૯/૦૦૨૫૯/૯ માં ઇલેક્ટ્રિસીટી ડ્યુટી ૧૦% કરવા બાબતે અરજી કરેલ હતી. તેમજ હાલના કોરોનાના સમય દરમ્યાન સરકારની જાહેરાત મુજબ ફિક્સચાર્જ બાબત તપાસ કરતા અરજદારના ધ્યાને આવેલ છે કે તેઓને હાલમાં વીજબીલમાં ૨૦% ED આવે છે જે ૧૦% ED થયેલ નથી તો

વર્ષ-૨૦૧૭ થી વર્ષ-૨૦૨૦ અને ચાલુ વર્ષ-૨૦૨૧ સુધીના સમયની ED ૧૦% જમા મેળવવા માટેની તેઓની માંગણી છે. અરજદારે સદર બન્ને જોડાણના વીજબીલ અને તેને આનુષંગિક મનોરંજન લાયસન્સ ફરીથી સામેલ કરેલ છે. અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે અરજદાર દ્વારા તા.૧૧/૭/૨૦૧૭ ની અરજી મુજબ તેઓના વીજબીલમાં વીજકર ૧૦% થયેલ ન હોય, વર્ષ-૨૦૧૭ થી ૨૦૨૦ અને ચાલુ વર્ષ-૨૦૨૧ સુધી ૧૦% વીજકર મુજબ વધુ ભરપાઈ કરેલ રકમ રીફંડ મેળવવા માટે રજૂઆત કરેલ છે.

૩.૧ અરજદાર પ્રહલાદ પ્લોટ પેટાવિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં-૩૧૧૦૯/૦૦૨૫૮/૦ અને ગ્રાહક નં-૩૧૧૦૯/૦૦૨૫૯/૯ થી બન્ને માં ૦૬ KW નો વીજભાર એન.આર.જી.પી. ટેરીફથી વીજજોડાણ ધરાવે છે.

૩.૨ અરજદાર દ્વારા તા.૧૧/૩/૨૦૧૭ નાં રોજ સરકારશ્રીની જાહેરાત મુજબ ઈલેક્ટ્રીસીટી ડયુટી માફી માટે સબડીવીઝનમાં અરજી કરેલ હતી. પરંતુ જે તે સમયે તેઓ દ્વારા અરજીની સાથે જોડવાના થતા આધાર પુરાવા અંતર્ગત હોટલ, ગેસ્ટ હાઉસ, મનોરંજન લાઇસન્સ રીન્યુ પોલીસ કમિશ્નર વિભાગ તરફથી મેળવીને રજુ કરેલ ન હતું.

૩.૩ ઉપરોક્ત બાબતે અરજદાર દ્વારા રજુ કરેલ લાઇસન્સ ૨૦૧૫ની સાલ સુધીનું હતું. જેથી જે તે સમયે જરૂરી દસ્તાવેજીક પેપર્સ રજુ કરવા જણાવેલ પરંતુ રજુ કરેલ ન હતા.

૩.૪ અરજદારશ્રી દ્વારા ફરીથી વીજકર માફી માટે રજૂઆત કરેલ છે આમ ૨૦૧૭ની અરજીના અનુસંધાને તેમજ ત્યારબાદ દરેક વર્ષે પોલીસ કમિશ્નરનો નવેસરથી રીન્યુઅલ મંજુરી પત્ર મેળવી પીજીવીસીએલમાં ગ્રાહક દ્વારા રજુ કરેલ નથી. આમ ઈલેક્ટ્રીસીટી ડયુટી કલેકટર તથા પીજીવીસીએલ કંપનીના નિયમ અનુસાર વીજકર માફી માટે વખતોવખત રીન્યુઅલ અરજી પેટાવિભાગીય કચેરીમાં આપવાની હોય છે જે રજુ ન થતા વીજકર માફીના સદર ગ્રાહકને મળવાપાત્ર નથી હાલમાં પણ ગ્રાહકે નવા વર્ષ ૨૦૨૧ સુધીની પોલીસ કમિશ્નરની પરમિશન મેળવી રીન્યુ કરેલ નથી. જેથી ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ ૧૯૫૮ મુજબ સદર ગ્રાહકને સરકારશ્રીની યોજના મુજબ ૧૦% નો લાભ માફી આપી શકાય તેમ નથી.

૩.૫ તદઉપરાંત, ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ ૧૯૫૮ અને તેમાં થતાં સમયાંતરે સુધારા મુજબની જોગવાઈ અનુસાર અમાન્ય દરે આકારણી થતાં વિદ્યુત શુલ્કની માફી મુદત વીત્યા બાદ, લેવા માટે એક વર્ષની અંદર ઈ.ડી.કલેકટર ગાંધીનગરને દસ્તાવેજી પુરાવા સાથે અરજી કરવાની રુહેશે અન્યથા અરજી કચેરીને મળ્યાની તારીખથી કરવાની હોય છે આમ સદર ગ્રાહકે હવે વર્ષ ૨૦૧૭થી માફી જોઈતી હોય તો ગાંધીનગર ઇ.ડી. કલેકટર ની મંજુરી લેવાની રહે છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની રજૂઆત મુજબ તેઓના વીજજોડાણ (૧) ગ્રાહક નં-૩૧૧૦૯/૦૦૨૫૮/૦ માં ૦૬KW નો વીજભાર એન.આર.જી.પી. ટેરીફથી અને (૨) ગ્રાહક નં-૩૧૧૦૯/૦૦૨૫૯/૯ માં ૦૬KW નો વીજભાર એન.આર.જી.પી. ટેરીફથી ધરાવે છે. સદર વીજજોડાણોમાં વીજકરની રકમ ૨૦% લેખે બીલમાં આવતી હોય, જે અન્વયે સદર બાબત ધ્યાનમાં આવતા અરજદાર દ્વારા પી.જી.વી.સી.એલ.ની સબંધક કચેરીમાં કરેલ અરજી તા.૧૧/૩/૨૦૧૭ મુજબ તેઓના વીજબીલમાં વીજકરની વધારે ભરપાઈ કરેલ રકમ વર્ષ-૨૦૧૭ થી વર્ષ-૨૦૨૦ તેમજ ચાલુ વર્ષ-૨૦૨૧ સુધી રીફંડ મેળવવા માટે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ ઉપરોક્ત બાબતે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા રજુ કરેલ મુદ્દા નં ૩.૨, ૩.૩ અને ૩.૪ મુજબની વિગતે અરજદાર દ્વારા વીજકર માફી અંગેના જરૂરી આધાર-પુરાવા રજુ કરેલ ન હોવાથી ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ ૧૯૫૮ મુજબ સદર ગ્રાહકને સરકારશ્રીની યોજના મુજબ ૧૦% નો લાભ માફી આપી શકાય તેમ નથી.

૪.૩ સદર ફરિયાદ બાબતે આગળ ચર્ચા કરતા માનનીય વિધુત લોકપાલ શ્રી સમક્ષ રજુ થયેલ કેસ નં.૧૯/૨૦૨૦ મેસર્સ પરફેક્ટ રીટ્રેડસ પ્રા. લી. ના કેસમાં અપાયેલ હુકમનામાના પેરા નં – ૧૫ અને ૧૬ માં કરવામાં આવેલ ઉલ્લેખ મુજબ "વીજકરની વસુલાત ગુજરાત સરકારના ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ દ્વારા પ્રકાશિત ઠરાવ અંતર્ગત કરવાની જોગવાઈ છે. વિદ્યુતકર વસુલાત વિદ્યુત અધિનિયમ-૨૦૦૩થી **Govern** થતા નથી પરંતુ તે ગુજરાત સરકારના **Electricity Duty Act**ના નિયમોથી સંચાલિત છે વધુમાં વિદ્યુતકરની રકમ અને તેને વસુલ કરવાની પ્રક્રિયા ગુજરાત સરકારના ઉપરોક્ત કાયદા/ નિયમોથી સંચાલિત છે."

વિદ્યુતશુલ્કનો દર સરકાર દ્વારા વિદ્યુત સમાહર્તાની કચેરી દ્વારા નક્કી કરવામાં આવે છે. જે તે જુદા-જુદા પ્રકારના ગ્રાહકો પાસેથી સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા ટેરિફના દર મુજબ તેની વસુલાત ગુજરાત વીજકંપની દ્વારા કરવામાં આવતી હોય છે.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા પ્રકાશિત ટેરીફ હુકમ અન્વયે વીજબિલના વિવિધ ઘટકોની વસૂલાત માટેના દર જે-તે વર્ષ માટે નક્કી કરવામાં આવે છે. સદર ઘટકોમાં ફિક્સચાર્જ, એનર્જીચાર્જ, ડિમાન્ડચાર્જ, ફયુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જ વગેરેનો સમાવેશ થાય છે. સદર વીજબિલમાં ઘટકોના દર નક્કી કરવાની સત્તા ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ પાસે વીજળી અધિનિયમ-૨૦૦૩ ની રૂએ છે જ્યારે વિદ્યુત શુલ્કના દર નક્કી કરવાની સત્તા ગુજરાત સરકારશ્રીની વિદ્યુતશુલ્ક સમાહર્તાની કચેરી પાસે હોય છે. જે **Electricity Duty Act** અંતર્ગત નક્કી કરવામાં આવે છે.

ગુજરાત સરકાર વતી સદર વિદ્યુતશુલ્કની રકમ ડિસ્ટ્રીબ્યુશન લાયસન્સી દ્વારા ગ્રાહકો પાસેથી વીજવપરાશના બિલમાં દર્શાવી વસૂલ કરીને સરકારશ્રીને જમા કરવામાં આવે છે. વીજબીલના ઘટકનો દર કે જે ગુજરાત વિદ્યુત નીયંત્રક આયોગ દ્વારા નક્કી કરવામાં આવે છે જે વીજબીલનો ભાગ છે. જેને વિજળી અધિનિયમ-૨૦૦૩ ના સેક્શનનં.૫૬(૨) મુજબ વીજબીલના વસુલાતનો બાધ લાગે છે.

જયારે વિદ્યુતશુલ્ક કે જેનો દર ગુજરાત સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવે છે. આમ, વીજળી અધિનિયમ ૨૦૦૩ અને **Electricity Duty Act** બંને અલગ–અલગ કાયદાઓ છે. જેથી વીજળી અધિનિયમ-૨૦૦૩ની કલમો કે નિયમો **Electricity Duty Act** પર લાગુ ન પાડી શકાય. તેવીજ રીતે **Electricity Duty Act**ની કલમો કે નિયમો વીજળી અધિનિયમ-૨૦૦૩ પર લાગુ ન પાડી શકાય.

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૨ અને ૪.૩ મુજબની વિગતે અરજદારના વીજબીલમાં વીજકર રીફંડ મેળવવા માટેની રજૂઆત ફોરમ ના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ કરી શકાય નહિ. અરજદાર પાછલા વર્ષોના રીફંડ માટે **Electricity Duty Department,** ગાંધીનગરને રજૂઆત કરી શકે છે. વર્તમાન સમયમાં મનોરંજન લાયસન્સ રીન્યુઅલ અંગેના આધાર પુરાવા અરજદાર દ્વારા રજુ કરવામાં આવેતો **Electricity Duty Act** મુજબ વીજકરમાં જરૂરી રાહત આપવા પી.જી.વી.સી.એલ.ને સુચના આપવામાં આવે છે.

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૪ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૬ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

**(એન.એચ.જોષી)**
**સભ્ય (સ્વતંત્ર)**

**(જે.બી.પારેખ)**
**ચેરપર્સન**